**પોરબંદર જીલ્લાના મ્હે. સ્પે. જજ (પોકસો) અને એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**

---

ફો.પ.અ.નં. ૧૦૯/૨૦૨૬

કરશનભાઈ નારણભાઈ માવદીયા,
ઉ.વ.૪૬, ધંધો : ખેત મજુરી,
મુળ રહે. માધવપુર ગામ, તા.જી. પોરબંદર.
રહે. સર્વોદય આશ્રમ પાસે, શાપુર, તા. વંથલી, જી. જુનાગઢ.
હાલ : ખાસ જેઈલ પોરબંદર..........................................અરજદાર.

**વિ રુ ધ્ધ**

૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત થ્રૃ
ડી.જી.પી. ઓફીસ પોરબંદર.

૨. દેવરાજભાઈ હીરાભાઈ વાજા,
રહે. હજામવાડા વિસ્તાર,
તા. જી.પોરબંદર..........................................સામાવાળા.

**<u>વિષય</u> :–** બી.એન.એસ.એસ. ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મળવા...

---

**<u>ગુન્હો</u> :–** બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) તથા પોકસો એકટની કલમ– ૪, ૬, ૮, ૧૭ મુજબ...

---

અરજદાર તરફે વિ.વકીલ શ્રી વી. જી. પરમાર.
સામાવાળા તરફે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.

---

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપીએ માધવપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧ ૮૦૧૭૨૫૦૩૨૩/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) તથા પોકસો એકટની કલમ– ૪, ૬, ૮, ૧૭ મુજબના ગુન્હાના

કામે કસ્ટડીમાં હોય, તેઓએ બી. એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી કરેલી છે.

(૨) અરજદારની અરજીની નોટીસની બજવણી થતાં સરકાર પક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા હાજર રહેલા છે તેમજ આંક ૬ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજૂ કરેલું છે જે વંચાણે લેવામાં આવેલ છે. આ કામે મુળ ફરીયાદીને નોટીસ કરવામાં આવતા તેઓ હાજર રહેલા છે અને તેઓએ જામીન અરજી અન્વયે મૌખિક રજુઆત કરેલ છે જે ધ્યાને લેવામાં આવેલ છે.

(૩) અરજદારના વિ.વકીલ શ્રી વી. જી. પરમારએ દલીલો કરતાં જણાવેલ છે કે, ભોગ બનનાર તેમની ઈચ્છાએ આરોપી નં. ૧ મીલન કરશનભાઈ માવદીયા સાથે ગયેલ. ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૦૨ મહીના અને ૧૭ દિવસની છે અને તેઓ વચ્ચે પ્રેમ સબંધ હતો. હાલના અરજદાર/આરોપી મીલનના પિતા છે. ફરીયાદવાળો બનાવ બન્યો ત્યારે આ કામના અરજદારે ઉપરોકત ગુન્હા સબંધે આગોતરા જામીન મેળવવા માટે અરજી કરેલી જે ફો.પ.અ. નં. ૫૬૩/૨૦૨૫ અરજદારે વિથડ્રો કરેલી અને જેથી તે અરજી તા. ૫–૧૨–૨૦૨૫ ના રોજ કેંસલ કરવામાં આવેલ. ઉપરોકત આગોતરા જામીન અરજીના અનુસંધાને જેતે સમયના ત.ક.અ. પી.આઈ. પી.ડી. જાદવ કે જેઓ માધવપુર પો.સ્ટે.ના ઈન્ચાર્જ પી.આઈ. અને ત.ક.અ. હતાં તેઓએ તા. ૪–૧૨–૨૦૨૫ ના રોજ આ કામે અરજદાર માટે એવો રીપોર્ટ આપેલ કે હાલના અરજદારનું નામ ખુલવા પામેલ ન હોય જેથી સદરહુ ગુન્હાની એફ.આઈ.આર. માં અરજદારનું આરોપી તરીકે નામ ન હોય જેથી ઉપરોકત હકીકત ધ્યાને લઈ ન્યાયીક હુકમ નમ્ર

વિનંતી છે. ત્યારબાદ હાલના ત.ક.અ.શ્રી કે. એન. ઠાકરીયા કે જેઓ માધવપુર પો.સ્ટે.ના પી.આઈ. છે તેઓએ હાલના અરજદારની ધરપકડ કરેલ છે.

આમ અરજદારનો ઉપરોકત ગુનામાં કોઈ રોલ નથી. અરજદાર સ્થાનિક માધવપુર ગામના રહેવાસી છે. કુટુંબ કબીલાવાળા છે તેમના કુટું બની આજીવીકાનો આધાર તેમના ઉપર છે. નાસીભાગી જાય તેમ નથી. તેમનો દિકરો મિલન પણ જયુડી. કસ્ટડીમાં છે તથા આરોપી મિલનના નિવેદન સિવાય તેમની સામે કોઈ પુરાવો નથી. ભોગ બનનારનું નિવેદન વાંચવામાં આવે તો તેમાં પણ હાલના અરજદારનો કોઈ રોલ નથી. ભોગ બનનારે ઘરે જાવાની ના પાડતા તેને શીશુમંગલમાં મુકી આવેલ. આમ ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા હાલના અરજદારને જામીન પર મુકત કરવા વિનંતી કરે છે.

(૪) આ કામે મુળ ફરીયાદી હાજર છે તેને સાંભળ્યા તેઓ પોતાની સુરક્ષા બાબતે અરજ કરે છે. આ કામે ત.ક.અ.શ્રી હાજર છે તેઓ તેમની મૌખિક રજુઆતમાં એવુ જણાવે છે કે, આ કામના અરજદાર એવુ જાણતા હતાં કે ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં તપાસમાં કોઈ સહકાર આપેલ નહી અને તેના દિકરા મિલનને સંતાડવા અને ભાગવામાં મદદ કરેલી. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી એ.જે. લીલા હાજર છે. તેઓએ ગુનાની ટુંક હકીકતો તરફ આ અદાલતનું ઘ્યાન દોરેલ તથા સાથે સાથે ત.ક.અ.શ્રીએ આ કામે આંક–૬ થી સોગંદનામુ રજુ કરેલ છે તેના પેરા ૩૩ પછી પાના નં. ૬ ઉપર જે કોમન પેરા આપેલ છે તે તથા પાના નં . ૯ ઉપર જે ૧ થી ૧૩ મુદ્દા આપેલ છે તે વંચાણે લેવા અને આવા ગંભીર ગુનાના આરોપી/અરજદાર ઉપર મદદગારીનો આરોપ હોય જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરે છે.

(૫) આ કામે ઉપરોકત બંને પક્ષકારો તરફેની રજૂઆતો તેમજ પોલીસ

પેપર્સ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, હાલના અરજદાર/આરોપીને બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) તથા પોકસો એકટની કલમ– ૪, ૬, ૮, ૧૭ મુજબના ગુન્હામાં પોલીસે અટક કરેલા છે. આરોપી સામેના આક્ષેપોની હકીકતો જોવામાં આવે તો આ કામના આરોપીએ મુખ્ય આરોપીને ભોગ બનનારને ભગાડી જવામાં તેમજ મુખ્ય આરોપીને દુષ્કૃત્ય કરવામાં મદદગારી કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) આમ ઉપરોકત બન્ને પક્ષોની રજુઆતો સાથેસાથે નીચે મુજબના ચુકાદાને વંચાણે લેવા ન્યાયી જણાય છે.

**૧. નામ. ગુજરાત હાઈકોર્ટના ફો.પ.અ.નં. ૮૦૩/૨૦૨૫, દિલીપ વિરમભાઈ મોઢવાડીયા વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ**

ઉપરોકત ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોટે પેરા–૬ અને ૭ માં જે અવલોકન કરેલ છે તે નીચે મુજબ છે.

6. Though the prosecutrix in her statement recorded by the investigating officer has stated that the present applicant had established physical relations with her, without her consent, and against her will, however, the prosecutrix in her history given before the Doctor has stated that she was not subjected to any force for having physical relations with the present applicant, who at the relevant time was 15 years and the present applicant was 20 years. Considering the same, the application deserves consideration.

7. This court has considered the following aspects:
(a) As per catena of decisions of Hon'ble Supreme Court, there are mainly 3 factors which are required to be considered by this court i.e. prima facie case, availability of Applicant accused at the time of trial and tampering and hampering with the witnesses by the accused.

**૨. નામ. ગુજરાત હાઈકોર્ટના ફો.પ.અ.નં. ૧૪૨૩૧/૨૦૨૪, કાનાભાઈ**

**દેવશીભાઈ ભાટુ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ**

ઉપરોકત ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોટે પેરા–૬ અને ૮ માં જે અવલોકન કરેલ છે તે નીચે મુજબ છે.

6. I have heard the learned advocates appearing on behalf of the respective parties and perused the papers. In present case, the investigation is over and charge-sheet has been filed. Upon perusal of the statement of the prosecutrix, it appears that she was having a love affair with the present applicant and because of the same, she, on her own volition, had eloped with the present applicant and had stayed with him at various places where the physical relations were established between them.

8. In the facts and circumstances of the case and considering the nature of the allegations made against the applicant in the FIR, without discussing the evidence in detail, prima facie, this Court is of the opinion that this is a fit case to exercise the discretion and enlarge the applicant on regular bail.

**૩. નામ. ગુજરાત હાઈકોર્ટના ફો.પ.અ.નં. ૧૦૬૮૨/૨૦૨૩, વિશાલ દિલીપભાઈ પરમાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ**

ઉપરોકત ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોટે પેરા–૫ માં જે અવલોકન કરેલ છે તે નીચે મુજબ છે.

5. In the facts and circumstances of the case and considering the nature of allegations, this Court is of the opinion that, discretion is required to be exercised to enlarge the applicant on regular bail. This Court has considered the following facts while exercising discretion in favour of the applicant :-

(i) the applicant is in jail since 09.02.2023;
(ii) the investigation is over and the charge-sheet is filed:
(iii) prima facie, from the statement of the victim, this seems to be a case of love affair;
(iv) no past antecedent.

આમ ઉપરોકત નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ વંચાણે લેતા અનુક્રમ નં. ૧ દિલીપભાઈ વિરમભાઈ મોઢવાડીયાના કેસમાં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ નોંધેલ છે કે, ભોગ બનનાર સાથે અરજદારે બળજબરીપુર્વક સબંધ બાંધેલ હોય તેવુ પ્રથમ દર્શનિય રીતે જણાતુ નથી. જેથી વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી જામીન મુકત કરેલ. અને તેજ રીતે નામ. ગુજરાત હાઈકોર્ટે અનુક્રમ નં. ૨ કાનાભાઈ દેવશીભાઈ તથા અનુક્રમ નં. ૩ વિશાલ દિલીપભાઈ પરમારના કેસમાં એવુ નોંધેલ છે કે, ગુનાનું ચાર્જશીટ થઈ ગયેલ છે અને ભોગ બનનારનું નિવેદન ધ્યાને લેતા તેવુ દેખાય છે કે, પ્રેમ સબંધ હતો તથા અરજદારનો કોઈ ગુન્હાહીત ભુતકાળ નથી તેવા સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટે વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી જામીન મુકત કરેલ.

(૭) આમ નામ. ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન ધ્યાને લેતા તથા જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ફરીયાદમાં જાહેર થયેલ હકીકતો અન્વયે કેસના ગુણદોષોમાં ઉંડે ઉતરવાનું હોતુ નથી અને જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ગુન્હાની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ, આરોપીની નાશી ભાગી જવાની શકયતા, પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતા તેમજ સમાજનું વિશાળ હીત વગેરે હકીકતો ધ્યાને લેવાની રહે છે. ફરીયાદમાં રજુ થયેલ હકીકતો અને અન્ય રજુ થયેલ હકીકતો એ પુરાવાનો વિષય રહેલ છે. આ કામે પ્રસ્તુત કેસની હકીકતો ધ્યાને લેતા મુખ્ય આરોપી અને ભોગ બનનારને પ્રેમ સબંધો રહેલા છે. આ કામે ભોગ બનનારની બનાવ સમયેની ઉંમરને ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે આ અદાલતે આ જામીન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લીધા.

૧. ફરીયાદ

૨. ભોગ બનનારનું નિવેદન

૩. અરજદારનો ગુનામાં રોલ

૪. અરજદાર સ્થાનિક પોરબંદર જીલ્લાના રહેવાસી છે.

ટ્રાયલ સમયે અરજદારની હાજરી ઉપલબ્ધ થઈ શકે તેમ છે.

૫. અરજદારનો ગુન્હાહીત ઈતિહાસ નથી.

આમ ઉપરોકત મુદ્દાઓ ધ્યાને લેતા તથા હાલના ગુનાની તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ ફાઈલ થતા તેમજ કેસની ન્યાયીક કાર્યવાહી પુર્ણ થઈ નિકાલ થતા સુધી ઘણો સમય પસાર થાય તેમ છે. મુખ્ય આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સબંધ હોય તેમજ આરોપી પોરબંદર જીલ્લાના કાયમી રહેવાસી છે. જેથી તેઓ ટ્રાયલ સમયે સહેલાઈથી મળી આવે તેમ છે. તેમ છતાં આ કામના તપાસ કરનાર અમલદાર ધ્વારા તેમના સોગંદનામામાં જાહેર કરાયેલ હકીકતો તથા મુળ ફરીયાદી તથા વિ. સરકારી વકીલશ્રી ધ્વારા કરાયેલ રજુઆતો અં ગે અરજદારને જામીન મુકત કરતી વખતે યોગ્ય શરતો લાદી નિયંત્રણ મુકી શકાય તેમ છે. જેથી ઉપરોકત તમામ સંજોગોમાં આ કામના અરજદારને કેટલીક કડક શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનું જણાય છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદાર/આરોપી કરશનભાઈ નારણભાઈ માવદીયા ધ્વારા બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે કરવામાં આવેલી હાલની જામીન અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર માધવપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૭૨૫૦૩૨૩/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) તથા પોકસો એકટની કલમ– ૪, ૬, ૮, ૧૭ વિગેરે મુજબના

શિક્ષાને પાત્ર ગુન્હાના કામે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન આ કામે જામીન મુકત કરવા.

**<u>શરતો</u> :-**

૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે કોઈ ચેડા કરવા નહી અને ફરિયાદી તથા સાહેદોને કોઈ જાતની ધાક ધમકી કે લાલચ અને પ્રલોભન આપવું નહી.

૨) અરજદાર/આરોપીએ પોતાની જામીન મુકિતનો કોઈ ગેરલાભ લેવો નહી અને ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરવું નહી.

૩) અરજદાર/આરોપીએ ફરીથી કોઈ જાતનું ગુન્હાહીત કૃત્ય કરવું નહી અને કોઈ જાતની ગુન્હાહીત પ્રવૃતિ સાથે પોતાની જાતને સાંકળવી નહી.

૪) અરજદાર/આરોપીએ હુકમ મુજબ જામીન મુકત થયાના દિવસ - ૩ માં પોતાનું હાલનું રહેણાંક સ્થળ સોગંદનામાથી સબંધીત કોર્ટમાં જાહેર કરવું અને ઈન્સાફી કાર્યવાહી પુરી થતાં સુધી તેમાં અદાલતની પુર્વ પરવાનગી વગર કોઈ જાતનો ફેરફાર કરવો નહી અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો, દિન -૩ માં તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ સબંધીત અદાલતમાં રજુ કરવું.

૫) અરજદાર/આરોપીએ તેમની સામેની ઈન્સાફી કાર્યવાહી પુરી ન થાય ત્યાં સુધી અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૬). અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતાં સુધી દર અંગ્રેજી મહિનાની પહેલી તારીખે સવારના કલાક ૦૯.૦૦ થી સાંજના કલાક ૧૭.૦૦ દરમ્યાન પોતાની હાજરી સબંધીત પોલીસ સ્ટેશનમાં અચુકપણે પુરાવવી.

૭). અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ પુર્ણ થતાં સુધી ફરીયાદી, ભોગ બનનાર જે વિસ્તારમાં રહે છે તેના એક કી.મી. ના વિસ્તારમાં પ્રવેશ કરવો નહીં.

૮). અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન નિતમિત રીતે કોર્ટમાં હાજર રહેવુ.

(૩) અરજદાર/આરોપીએ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૩૦૬ મુજબ જામીન અત્રેની જીલ્લા અદાલતના નાઝીરશ્રી સમક્ષ રજુ કરવા.

(૪) આ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને કરવી. જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ તા.૧૩ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૩/૨૦૨૬.
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701

......